ચૌટાના દબાણકર્તા સામે સીધો ગુનો નોંધાશે

પોલીસે ચૌટાબજારના વેપારીઓ સાથે મીટિંગ કરી કાયદાનો અમલ કરવા કહ્યું

સુરતઃ શાસકો માટે ગળામાં ફસાયેલું હાડકું બની ગયેલા ચૌટાબજારના દબાણો માટે મેયર અને પોલીસ કમિશનર દ્વારા રૂબરૂ મુલાકાત લઈને વેપારીઓને પોતાની દુકાનની બહાર સામાન નહીં રાખવા અને પાથરણાવાળાઓને વ્યવસ્થિત કરવા સૂચના આપવામાં આવી હતી. જો કે, તંત્રની આ નમ્ર અપીલની વેપારીઓ પર કોઈ ખાસ અસર જોવા મળી નહોતી. રસ્તાઓ સાંકડા થવાને કારણે ગ્રાહકો અને રાહદારીઓને પડતી મુશ્કેલીઓ યથાવત્ રહી હતી. આ પરિસ્થિતિનો કાયમી ઉકેલ લાવવા માટે રવિવારે પોલીસ વિભાગ અને પાલિકાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ચૌટા બજારના વેપારી મંડળ સાથે એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ મીટિંગમાં અધિકારીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, હવેથી રસ્તા પર કોઈપણ પ્રકારનું દબાણ ચલાવી લેવામાં આવશે નહીં. જો કોઈ દુકાનદાર પોતાની હદ બહાર સામાન રાખશે અથવા પાથરણાવાળાઓને પ્રોત્સાહન આપશે, તો તેમની સામે સીધો પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવશે. દબાણના કિસ્સામાં માત્ર દંડ જ નહીં, પરંતુ માલસામાન જપ્ત કરવાની કાર્યવાહી પણ તેજ કરવામાં આવશે. જેની અસર રવિવારે જોવા મળી હતી. રવિવારે ચૌટાબજારમાં દબાણકર્તાઓએ આંશિક રસ્તો ખુલ્લો રાખ્યો હતો અને લોકોને રસ્તા પર આવનજાવન માટે જગ્યા રહી હતી.

(તસવીર : હેમંત ડેરે)

અઠવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ચૌટા બજારના વેપારી લોકોની અઠવા પોલીસ સ્ટેશનમાં મીટિંગ લેવામાં આવી, જેમાં કોર્પોરેશનના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. મુખ્યત્વે ચૌટાબજારની સમસ્યા એ છે કે ત્યાં ટ્રાફિકને અડચણરૂપ થાય એ રીતે વેપારીઓ પોતાની દુકાનોની બહાર ફેરિયાઓને બેસાડે છે અને એમના ડિસ્પ્લે માટેના 6થી 7 ફૂટના દબાણ હોય છે. આ દબાણ દૂર થાય એના માટે પોલીસ કમિશનર અને મેયરે બે દિવસ પહેલા ચૌટાબજાર વિસ્તારની મુલાકાત લીધી હતી અને તમામ વેપારીઓને અનુરોધ કર્યો હતો કે, બે દિવસની અંદર તમે તમારી રીતે સેલ્ફ-ડિસિપ્લિનથી વ્યવસ્થા ગોઠવો, જેથી પબ્લિકને હેરાનગતિ ન થાય. તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જોને સૂચના આપવામાં આવી કે, આ બાબતે વેપારીઓ સાથે એક મીટિંગ લઈ અને યોગ્ય નિરાકરણ થાય, જેથી વેપારીઓને પણ અગવડ ન પડે અને આમ પબ્લિકને પણ હેરાનગતિ ન થાય. જેના માટે એક મીટિંગનું આયોજન કરવા માટે પોલીસ કમિશનર દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે રાખવામાં આવેલી મીટિંગમાં વેપારીઓ સ્વેચ્છાએ સહમત થયા છે કે અમે અમારી રીતે આમ પબ્લિકને હેરાનગતિ ન થાય એ રીતે અમારો વેપાર-ધંધો કરીશું. એમની બીજી રજૂઆતો એવી હતી કે, એક વેપારી 7-8 ફૂટનું દબાણ રાખે છે, જેથી અમારી દુકાન દેખાતી નથી. એટલે અમારે પણ 7-8 ફૂટનું દબાણ રાખવું પડે છે. એટલે આજે અમે સ્થળ વિઝીટ કરીશું અને આમાં જે વચલો રસ્તો થાય કે આમ પબ્લિકને પણ હેરાનગતિ ના થાય તેમજ વેપારીઓને પણ એમનો ધંધો રોજગાર મળી રહે, એવા વ્યવહારુ અભિગમ દાખવી અને અમે વચલો રસ્તો કાઢવા માટેનો પ્રયત્ન કરીશું. આજે એ કર્યા પછી, કાલથી જે કોઈ વેપારીઓ આ નિયમોનો ભંગ કરશે એમના વિરુદ્ધમાં અમે ગુના દાખલ કરીશું, એવું પોલીસે કહ્યું હતું.

લાલગેટ મેઈનરોડ પરના દબાણો રોજના થઈ ગયા, હવે રોજ દૂર કરો

મનપાએ પોલીસને સાથે રાખી રવિવારે સાંજે દબાણો હટાવી, સામાન જપ્ત કરતાં નાસભાગ મચી

સુરતઃ સેન્ટ્રલ ઝોનમાં ખાસ કરીને દબાણની ખૂબ સમસ્યા છે. સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં રવિવારે મોડી સાંજે લાલગેટ વિસ્તારના દબાણો હટાવવાની કામગીરી કરવામાં આવી હતી.

મનપા દ્વારા સેન્ટ્રલ ઝોનમાં દબાણકર્તાઓની હવે ખેર નહીં રહે તેવા મૂડ સાથે દબાણો હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. રવિવારે મોડી સાંજે મનપાની ટીમ પોલીસ સ્ટાફ સાથે લાલગેટ વિસ્તારમાં દબાણ દૂર કરવા પહોંચી હતી અને દાબણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો. ઘણાં દબાણકર્તાઓ મનપાની ગાડી જોઈને સામાન પેક કરી નાસભાગ કરતા જોવા મળ્યા હતા. મનપાની ટીમે દબાણકર્તાઓનો સામાન જપ્ત કરી લીધો હતો અને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. ચોકબજારથી ભાગળ ચાર રસ્તા સુધીના રોડની બંને તરફ ફુટપાથ પર પાથરણાવાળાઓ દ્વારા મોડી સાંજથી દબાણ કરવામાં આવે છે, જેને પગલે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. પહેલા માત્ર રવિવારે દબાણ કરવામાં આવતું હતું, પરંતુ મનપા દ્વારા કડક કાર્યવાહી કરવામાં નહીં આવતા હવે રોજ રાત્રી દરમિયાન દબાણ કરવામાં આવતું હોવાને કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે.

સ્થાનિક લોકોની ફરીયાદને પગલે મનપાના સેન્ટ્રલ ઝોન દ્વારા ચોકબજારથી લાલગેટ સુધીના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. હવે આ કેટલા દિવસ સુધી દુર રહેશે તે જોવું રહ્યું!

ભટારના કાપડના વેપારી સાથે 30.59 લાખની ઠગાઈ

સુરતઃ ભટારના કાપડના વેપારી સાથે 30.59 લાખની ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર ભટાર આશીર્વાદ પેલેસની સામે આવેલા મંગલ પાર્કમાં રહેતા અભિષકુમાર ભરતકુમાર સરકારી (ઉ.વ.47) ઉધના-મગદલ્લા રોડ પર આવેલા અંબિકા ઇન્ડસ્ટ્રીયલ-01 વિસ્તારમાં કારખાનું ધરાવે છે. કાપડ દલાલ કમલેશ ઇશ્વરભાઈ પટેલના હસ્તક તેમણે એસ.એસ. ફેશનના માલિક અજીત હરીસીંગને રૂ.17,18,039નું કાપડ સપ્લાય કર્યું હતું. આ જ દલાલ મારફત તેમણે સાનવી ફેબ્રિકના માલિક ધર્મેશ સાધુ પટેલને પણ રૂપિયા 6,75,300ની કિંમતનું કાપડ મોકલ્યું હતું આ જ પાર્ટીને તેમણે રૂ.6,66,168નું કાપડ મોકલ્યું હતું. આ દલાલ હસ્તક તેમણે બંને પાર્ટીને રૂપિયા 30,59,507નો માલ મોકલ્યો હતો. જો કે તેમણે પેમેન્ટ નહીં કરતા આ બનાવની ફરિયાદ તેમણે ખટોદરા પોલીસ મથકમાં નોંધાવી હતી.

સરદાર માર્કેટમાં ટેમ્પાનો કાચ તોડી રૂ.3.90 લાખની રોકડ ચોરી

સુરતઃ સરદાર માર્કેટ વિસ્તારમાં ધોળા દિવસે ટેમ્પોનો કાચ તોડી ચોરી કરવાની ઘટના સામે આવી છે. આ ઘટનાની મળતી માહિતી અનુસાર નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ઉનાઈ બારતાળ ગામ ખાતે આવેલા ડેરી ફળિયામાં રહેતા ગમનભાઈ વિરસિંગ પટેલ ટામેટાની ડિલીવરી કરવા સરદાર માર્કેટમાં આવ્યા હતાં. તેઓ ગાળા નં. ઇ/54, હિન્દુસ્તાન ટોમેટો કંપની નામની દુકાનની સામે રોડ ઉપર ટેમ્પો પાર્ક કરીને કામ માટે ગયા હતા. તેઓ પાછા આવ્યા ત્યારે ટેમ્પાની કેબિનનો પાછળનો કાચ તૂટેલો હતો. ચેક કરતા જાણવા હતું કે ટેમ્પામાં મૂકેલા રોકડા 3.90 લાખ ચોરાઇ ગયા હતા જેથી તેમણે પૂણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે.

વરાછામાં જોબવર્કના બહાને રૂ.5.55 લાખના ડ્રેસ પચાવી પાડ્યા

સુરત : સરથાણા જકાતનાકા પાસે આવેલી શાંતિનગર સોસાયટી વિભાગ-01માં રહેતા અતુલભાઈ રાજાભાઈ દેવાણી વરાછા માતાવાડી સ્થિત કમલપાર્ક સોસાયટીમાં એમ્બ્રોઇડરીનું કારખાનું ચલાવે છે. તેમની પાસેથી મયુરભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ (ઉ.વ.30, રહે. 55, ભગીરથ સોસાયટી, એલ.એચ. રોડ, સુરત) અને કૌશિકભાઈ મધુભાઈ સોલંકી (ઉ.વ.23, રહે. 229, ગીતાનગર-01, પુણાગામ) રૂપિયા 5,55,000ના 2220 ડ્રેસ જોબવર્ક કરવા માટે લઇ ગયા હતા. જો કે જાબવર્ક થયા પછી પણ બંનેએ ડ્રેસ પરત નહીં કરતા મામલ વરાછા પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો.

શિક્ષણ સમિતિનું બજેટ 1100 કરોડથી ઘટીને 1012.90 કરોડ

સમિતિનું 2026-27 માટે 1032.93 કરોડનું બજેટ આજે મંજૂરી માટે રજૂ કરાશે

સુરતઃ સુરત મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા નવા વર્ષ માટે 1032 કરોડ રૂપિયાનું વિશાળ બજેટ તૈયાર કરવામાં આવ્યું છે. ચાલુ નાણાકીય વર્ષની સુધારેલી આવક-ખર્ચ યોજના તેમજ 2026-27ના સૂચિત બજેટને મંજૂરી આપવા મંગળવારે શિક્ષણ સમિતિના હોદ્દેદારોની ખાસ બજેટ સામાન્ય સભા યોજાવાની છે. આ બેઠકમાં બંને અંદાજપત્ર પર ચર્ચા કરી અંતિમ મંજૂરીની મ્હોર મારવામાં આવશે.

શિક્ષણ સમિતિ દ્વારા ઉદર શાળાનું સંચાલન થાય છે, જ્યાં અંદાજે બે લાખ વિદ્યાર્થી પ્રાથમિક શિક્ષણ મેળવે છે. સ્માર્ટ સ્કૂલ અને મોડલ સ્કૂલ જેવી યોજનાઓ સાથે શિક્ષણ સમિતિ આગળ વધી રહી છે, પરંતુ બીજી તરફ શિક્ષકોની ઘટ, પગાર સંબંધિત મુદ્દા અને વહીવટી અછતને કારણે સમયાંતરે વિવાદો પણ ઉભા થાય છે. હાલ મોટી સંખ્યામાં શિક્ષકો એસઆઈઆર અને બીએલઓ જેવી ચૂંટણી સંબંધિત કામગીરીમાં રોકાયેલા હોવાને કારણે શાળાઓમાં અભ્યાસક્રમ પર અસર પડી રહી હોવાની ફરિયાદો ઉઠી છે.

પ્રાથમિક કેળવણી ફંડનું વર્ષ 2025-26નું સુધારેલું અંદાજપત્ર 1012.90 કરોડ રૂપિયા રજૂ કરવામાં આવ્યું છે. ગત વર્ષે 1100 કરોડ રૂપિયાનું બજેટ જાહેર કરાયું હતું, પરંતુ પગાર અને અન્ય ખર્ચમાં ઘટાડા થતાં સુધારેલું બજેટ ઘટીને અંદાજે 1012 કરોડ પર આવ્યું છે. જ્યારે આગામી વર્ષ 2026-27 માટે 1032.93 કરોડ રૂપિયાનું બજેટ તૈયાર કરાયું છે.

હત્યા કરવા દોડતા બદમાશોનો વીડિયો વાયરલ

ઉધનામાં પુત્રની અદાવતમાં પિતાની સરેઆમ ઘાતકી હત્યા

ગાંજો વેચતા દિપક નગરાળેના પુત્ર સાથે મૃતકના પુત્રનો ઝગડો થયો હતો

ઝગડાની અદાવતમાં પુત્રને મારવા આવ્યા પરંતુ તે ભાગી જતાં પિતાની હત્યા કરી નાંખી

સુરતઃ ઉધનામાં પુત્ર સાથે થયેલા ઝગડાનો કેસ કોર્ટમાંથી પાછો ખેંચવાની અદાવતમાં સરાજાહેર હત્યાની ઘટના બની હતી. આ બનાવમાં પોલીસે હત્યામાં સંડોવાયેલા ત્રણ આરોપીને ઝડપી લીધા છે.

મૂળ મહારાષ્ટ્ર અને ઉધનાના સમ્રાટ નગરમાં રહેતા 50 વર્ષીય ધનરાજ ભીમરાવ તાયડેના પુત્ર વિકી અને આ હત્યાકેસના મુખ્ય આરોપી દીપક નગરાડેના પુત્ર વચ્ચે થોડા સમય પહેલા મારામારી થઈ હતી. જેનો બદલો લેવા અને કેસ પાછો ખેંચવા માટે દીપક નગરાડે સાગરિતો સાથે હુમલો કરવાના ઈરાદે આવ્યો હતો. તેમને જોઈને વિકી જીવ બચાવી ભાગી ગયો હતો. જો કે બૂમાબૂમ થતાં વિકીના પિતા મહોલ્લામાં આવ્યા હતાં. જેથી દીપક નગરાડે અને તેના સાગરિતોએ તેમને ઉપરાછાપરી ચપ્પુના ઘા ઝીંકી દેતા તેમનું મોત થયું હતું. હુમલાખોરો વીકીને મારવા માટે દોડતા હોવાનો વિડિયો પણ વાયરલ થયો છે. આ ઘટનામાં પોલીસે દિપક નગરાળે, યોગેશ સંજય નગરાળે, કરણ ઉર્ફે દિપક ગણેશભાઈ વાઘ, વિશાલ ઉર્ફે રાજ ગણેશભાઈ વાઘ, રાજવીર સંજય નગરાળે (તમામ રહે- અશોક સમ્રાટનગર, મોરારજી વસાહત ઝુપડપટ્ટી રોડ નં-૯ ઉધના સુરત શહેર) સામે ગુનો નોંધી ત્રણ આરોપીની ધરપકડ કરી છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર મુખ્ય આરોપી દીપક ઉધના વિસ્તારમાં દારૂ અને ગાંજાના ગેરકાયદેસર ધંધા સાથે સંકળાયેલો છે. દીપક અને તેની ગેંગ અવારનવાર અશોક સમ્રાટ નગર અને આસપાસના વિસ્તારોમાં હથિયારો સાથે તરખાટ મચાવતા હોય છે.

બે ગઠિયા મહિલાના 75 હજારના ઘરેણાં ઉતારી ગયા

'મારા શેઠના ઘરે 8 વર્ષે દીકરો આવ્યો છે' કહી 2 હજાર અને અનાજ આપવાનું કહી ઠગાઈ

સુરત : કતારગામમાં બે ગઠિયા મહિલાને વાતમાં લઈને તેના રૂપિયા 75 હજારના ઘરેણા લઈને પલાયન થઈ ગયા હતા. લલિતા ચોકડી પાસે આવેલા સુખ સાગર એપાર્ટમેન્ટમાં રહેતા 56 વર્ષીય શોભાબેન અશોકભાઈ ઘાયદાર કેટરિંગમાં રોટલી બનાવવાની મજુરી કામ કરે છે. તા.19મી ડિસેમ્બરના રોજ સવારે અગિયાર વાગ્યાના અરસામાં શોભાબેન કતારગામ લલિતા ચોકડી પાસે આવેલા કંતારેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. દર્શન કરીને તેઓ પગપાળા પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે સ્વામીનારાયણ સોસાયટીના ગેટ પાસ બે શખ્સોએ તેમને અટકાવ્યા હતા. અને જણાવ્યું હતુ કે, માજી મારા શેઠના ઘરે આઠ વર્ષે છોકરો આવ્યો છે તો મારા શેઠ ઉમરવાળા બહેનોને રૂપિયા 2 હજાર અને અનાજની કીટ આપે છે. તમે ઓટલા પર બેસી જાવ અને તમારા ચપ્પલ અને ઘરેણા કાઢીને થેલીમાં મૂકી દો. જેથી શોભાબેને સોનાનું મંગલસુત્ર તથા બુટી મળીને કુલ રૂપિયા 75,000ના ઘરેણા અને ચપ્પલ પ્લાસ્ટિકની થેલીમાં મૂકી દીધા હતા. દરમિયાનમાં ગઠીયાએ તેમની નજર ચૂકવીને ઘરેણા સેરવી લઈ થેલીને વાયરથી બાંધીને શોભાબેનને આપીને અહીં બેસો એમ કહીને નીકળી ગયા હતા. ઘણો સમય થયો છતા આ શખ્સો નહીં આવતા શોભાબેને થેલી ખોલીને જોતો તેમાંથી ઘરેણાં ગાયબ હતા. જેથી શોભાબેને કતારગામ પોલીસનો સંપર્ક કરતા પોલીસે અજાણ્યા ઠગો વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે.

વેડદરવાજા ખાતે આગમાં ત્રણ ગોડાઉન બચાવી લેવાયા

પ્લાસ્ટિકના ગોડાઉનની લગોલગ આવેલા ત્રણ લાકડાના ગોડાઉનોમાં આગ ફેલાતી અટકાવાઈ

સુરત : શહેરના વેડ દરવાજા વિસ્તારમાં આવેલી ફટાકડા વાડી નજીક વેસ્ટેજ પ્લાસ્ટિકના એક ગોડાઉનમાં ગઈકાલે રાત્રે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રાત્રે અંદાજે 10:00 કલાકે આગ લાગતા જ જ્વાળાઓ અને ધુમાડાના ગોટા દૂર દૂર સુધી દેખાતા લોકોમાં ભય ફેલાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ચાર ફાયર સ્ટેશનોનો કાફલો સ્થળ ઉપર રવાના કરી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ વેડ દરવાજા સ્થિત બોરીચા ગેસ ગોડાઉનની બાજુમાં આવેલા પ્લાસ્ટિકના ગોડાઉનમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. સ્થાનિક લોકોએ તરત જ ફાયર બ્રિગેડને જાણ કરતા કતારગામ, ડભોલી, મુગલીસરા અને ઘાંચીશેરી ફાયર સ્ટેશનોની ટીમો તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી. ઉપરાંત, આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અન્ય ચાર ફાયર સ્ટેશનોમાંથી વોટર બાઉઝરો પણ સ્થળ પર મોકલવામાં આવ્યા હતા.

ફાયર સબ ઓફિસર યશરાજ ગઢવીના જણાવ્યા મુજબ ફાયર ટીમ જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી. અંદાજે અઢી કલાકની ભારે જહેમત બાદ આખરે આગને સંપૂર્ણ રીતે કાબૂમાં લેવામાં આવી હતી.

કાર રેલીમાં સ્ટંટ કરનાર ABVPના ત્રણ કાર્યકર ઝડપાયા

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની કારોબારી બેઠક પૂર્ણ થયા બાદ ન્યુ સિટીલાઇટ પર રેલી હતી

સુરત :અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદની ડીઆરબી કોલેજ ખાતે દક્ષિમ ગુજરાત એકમની કારોબારી બેઠક મળી હતી. જે પૂર્ણ થયા પછી કાર રેલી નીકળી હતી. જેમાં કેટલાક વિદ્યાર્થી કાર્યકર્તાઓ ગાડી બહાર ઊભા રહી સ્ટંટ કરતા હોવાનો વીડિયો વાયરલ થયો હતો. જેના આધારે અલથાણ પોલીસે ૩ કાર ચાલક વિદ્યાર્થીઓની ધરપકડ કરી છે.

શહેરના ન્યુ સિટી લાઈટ રોડ અને આચાર્ય હસ્તી માર્ગ ઉપર જાહેર રસ્તા પર જોખમી રીતે ફોરવ્હીલ ચલાવતો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી હતી. વિડિયોની ખરાઈ કરતા સદર બનાવ તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ બપોરે ૧ થી ૩ વાગ્યાના સમયગાળા દરમિયાન જાહેરમાં બન્યો હોવાનું અને અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદની ડીઆરબી કોલેજ ખાતે દ.ગુજરાત એકમની કારોબારી બેઠક મળી હતી. આ બેઠક પુર્ણ થયા પછી કાર રેલી નીકળી હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસ તપાસ કરતા ખુલ્યું હતું કે એક બ્લેક કલરની સ્કોર્પિયો ફોરવ્હીલ (રજી.નં. GJ-05-JU-8905), એક બ્રેઝા ફોરવ્હીલ (રજી.નં. GJ-05-RV-1111) તથા એક ફોરચ્યુનર ફોરવ્હીલ (રજી.નં. GJ-05-JQ-5351) ના ચાલકોએ જાહેર રસ્તા પર બેદરકારીપૂર્વક વાહન ચલાવી પોતે તથા અન્ય લોકોના જીવને જોખમમાં મૂક્યો હતો.

આ મામલે અલથાણ પોલીસે સ્કોર્પિયો ચાલક જીતેન્દ્ર પારસમલ માલી (રહે. કરેલી ગામ, તા. ઓલપાડ, જિ. સુરત), બ્રેઝા ચાલક લલિતકુમાર શિવલાલ કલાલ (ઉ.વ. 19, રહે. સચીન) તથા ફોર્ચ્યુનર ચાલક વાહીદ રફીક શોખ (ઉ.વ. 20, રહે. ઉન, સુરત)ને અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.ત્રણે ચાલકોને યોગ્ય જામીન રજૂ કરતાં જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. તેમજ ગુનામાં વપરાયેલી ત્રણેય ફોરવ્હીલ પોલીસ દ્વારા કબ્જે લેવામાં આવી છે.

પાર્લે પોઈન્ટ જાની ફરસાણ પાસે ગટરનું જોખમી ઢાંકણું

તાજેતરમાં રોડ બન્યા બાદ થોડા જ સમયમાં ગટરનું ઢાંકણું અને આસપાસનો ભાગ ધસી પડ્યો

સુરત : શહેરમાં વિકાસના દાવાઓ વચ્ચે હલકી ગુણવત્તાની કામગીરીના ગંભીર આક્ષેપો સામે આવી રહ્યા છે. ખાસ કરીને ગટરોની કામગીરીમાં ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થયા છે. શહેરના પાર્લે પોઈન્ટ વિસ્તારમાં જાની ફરસાણ પાસે તાજેતરમાં બનાવવામાં આવેલા નવા રોડ પર નંખાયેલી નવી ગટર ગુડ્ઝ વાહનો પસાર થતાં જ તૂટી જતી હોવાના દ્રશ્યો સામે આવ્યા છે.

સ્થાનિકોનું કહેવું છે કે રોડ બન્યા બાદ થોડા જ સમયમાં ગટરનું ઢાંકણું અને આસપાસનો ભાગ ધસી પડ્યો છે, જેના કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વાહનો પસાર થતાં જ ગટર બેસી જવી અથવા તૂટી જવી એ ઉપયોગમાં લેવાયેલી સામગ્રી અને કામગીરીની ગુણવત્તા પર સવાલ ઊભા કરે છે.

(તસવીર : હેમંત ડેરે)

પી.પી. સવાણી ગ્રુપે બે દિવસમાં 133 દીકરીને સાસરે વળાવી

રવિવારે પીપી સવાણી ગ્રુપે એક ખ્રિસ્તી સહીત 56 દીકરીને સવાણી પરિવારે વિદાય આપી

સુરતઃ પી.પી.સવાણી પરિવારના આંગણે દરવર્ષે યોજાતા પિતાની છત્રછાયા ગુમાવેલી દીકરીના ભવ્ય લગ્ન સમારોહમાં આજે બીજા દિવસે સમાજના અનેક મહાનુભાવો અને અધિકારીઓની હાજરીમાં કન્યા વિદાયના લાગણીશીલ દ્રશ્યો સર્જાયા હતા. દરેક દીકરીના માથે હાથ મુકીને મહેશ સવાણી પિતા તરીકેની હુંફ આપીને દરેક દીકરીને લગ્ન પછીની તમામ જવાબદારી ઉઠાવવાની ખાતરી પણ આપતા હતા.

સ્વાગત કરતા પી.પી.સવાણી પરિવારના મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, કોયલડી લગ્ન સમારોહમાં પરણતી 133 કન્યા પૈકી 90 ટકા કન્યા એવી છે જેમના પરિવારમાં પિતા કે ભાઈ કોઈ નથી. અનેક જ્ઞાતિ, સમાજ અને પ્રદેશની દીકરીઓ એક જ માંડવે પરણીને સાસરે જઈ રહી છે. મહેશભાઈ એ જણાવ્યું હતું કે, દીકરીઓની પસંદગીના અનેક ધોરણ નક્કી થયા છે એમાં દીકરીના પિતા ન હોય એ પ્રાથમિકતા છે એ પછી જે દીકરીનો ભાઈ ન હોય એવી દીકરીને પ્રાધાન્ય આપીએ છીએ. લગ્ન સમરોહમાં 56 દીકરીએ પ્રભુતામાં પગલા માંડ્યા છે. માહ્યરામાં લગ્નવિધિ પહેલા સાસુએ વહુને તુલસી છોડ અર્પણ કરીને સ્વાગત કરીને સ્વીકારી હતી, આ સ્વીકાર માત્ર વહુ તરીકે નહિ પણ એ વહુની તમામ જવાબદારી સાથે એનો સ્વીકાર પ્રતીકાત્મક રીતે મહેશભાઈ સવાણી એ કરાવ્યો હતો. જેને "તુલસીનો ક્યારો" કહેવાય છે, એવી દીકરીઓને સાસુઓએ હાથ પકડી લગ્નમંડપ સુધી દોરી. કોઈ લગ્ન પ્રસંગમાં સાસુઓને આટલું સન્માન અપાયું હોય એવો કદાચ આ પહેલો અવસર હશે.

એક જ દિવસમાં રાતનું તાપમાન 4.6 ડિગ્રી વધી ગયું

સુરતઃ શહેરમાં આજે હવામાનમાં આજે ફેરફાર નોંધાયો હતો. આજે મહત્તમ તાપમાનમાં 1.8 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાતાં તે 31.2 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો હતો. રાત્રે લઘુત્તમ તાપમાન 4.6 ડિગ્રી વધીને 19.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં આજે હવામાં 51 ટકા ભેજ નોંધાયો હતો સાથે જ દક્ષિણ પશ્ચિમ દિશાથી પ્રતિ કલાક 4 કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો. દિવસ દરમિયાન ગરમીમાં થોડી રાહત જણાઈ હતી, જ્યારે રાત્રે ઠંડીની તીવ્રતા હજુ ખાસ અનુભવાઈ નહોતી. હવામાન વિભાગે આગાહી કરી છે કે 22 તારીખ બાદ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં કડકડતી ઠંડીનો દોર શરૂ થવાની સંભાવના છે. હાલ ઉત્તર ભારતમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય બન્યો છે, જેની અસર આગામી અઠવાડિયે ધીમે ધીમે દક્ષિણ તરફ વિસ્તરશે. આ સિસ્ટમની અસર હેઠળ ઉત્તરથી ઠંડા પવનો વહેતા થવાની શક્યતા છે, જેના પરિણામે લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. હવામાન નિષ્ણાતોના મતે આવનારા દિવસોમાં વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધશે.

ભાજપ મહાત્મા ગાંધીથી ભયભીત છે : દિવ્યા મદેરણા

નેશનલ હેરાલ્ડ કેસના બહાને કોંગ્રેસને તોડવાનો ભાજપનો પ્રયાસ નિષ્ફળ ગયો

(તસવીર : સતીષ જાદવ)

સુરત : નેશનલ હેરાલ્ડ કેસ તથા મનરેગા યોજનાને લઈને સુરત સહિત સમગ્ર દેશમાં કોંગ્રેસે ભાજપ સામે આક્રમક વલણ અપનાવ્યું છે. આ મુદ્દાઓ પર સુરત ખાતે એઆઈસીસીના મંત્રી અને જમ્મુ-કાશ્મીરના સહપ્રભારી દિવ્યા મદેરણાએ પત્રકાર પરિષદ યોજી ભાજપ સરકાર પર કડક પ્રહાર કર્યા હતા.

દિવ્યા મદેરણાએ જણાવ્યું હતું કે ભાજપ સરકાર મહાત્મા ગાંધીથી ભયભીત છે. છેલ્લા બે દાયકાથી ગરીબો માટે અમલમાં રહેલી મનરેગા જેવી મહત્વની યોજનામાંથી ગાંધીજીનું નામ દૂર કરીને ભાજપે પોતાની માનસિકતા ઉજાગર કરી છે. માત્ર નામ જ નહીં પરંતુ યોજના સાથે સંકળાયેલો મહત્વનો આત્મા પણ બદલી નાખવામાં આવ્યો છે, જે ગરીબો માટે નુકસાનકારક છે. તેમણે વધુમાં કહ્યું હતું કે નેશનલ હેરાલ્ડ કેસના બહાને ભાજપે કોંગ્રેસને તોડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે પ્રયાસમાં સરકાર નિષ્ફળ ગઈ છે. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને રાહત મળ્યા બાદ કોંગ્રેસે આ મુદ્દે જનતા સુધી પહોંચવાનો નિર્ણય લીધો છે. મનરેગા મુદ્દે બોલતા તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે યોજનાનું નામ બદલીને વીબી રામજી રાખવાનો નિર્ણય લીધો છે, જેનો કોંગ્રેસ વિરોધ કરે છે. ભાજપ સરકાર મનરેગાનો કાળો અધ્યાય લખવા જઈ રહી છે. આઝાદી બાદ પહેલી વખત દેશમાં એવી સરકાર આવી છે જે મહાત્મા ગાંધીનું નામ મોટી જનકલ્યાણ યોજનામાંથી દૂર કરવા જઈ રહી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે છેલ્લા વીસ વર્ષથી ચાલતી આ યોજનામાં કેન્દ્ર સરકારનો લગભગ 90 ટકા હિસ્સો રહેતો હતો, જેને હવે ઘટાડીને 60 ટકા કરવામાં આવ્યો છે. તેના કારણે રાજ્ય સરકારોની તિજોરી પર ભારણ વધશે. આ પગલું કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યો પર આર્થિક દબાણ લાદવા સમાન છે. નેશનલ હેરાલ્ડ મુદ્દે તેમણે કહ્યું હતું કે ચૂંટણી પહેલાં ઈડી આગળ આવે છે, જે બતાવે છે કે એજન્સીઓનો ઉપયોગ રાજકીય વિરોધીઓને ડરાવવા માટે થાય છે. ભાજપ સરકાર ઈડી અને સીબીઆઈ મારફતે કોંગ્રેસને દબાવવાનો પ્રયાસ કરતી રહી છે, પરંતુ આ કેસમાં તે નિષ્ફળ ગઈ છે. આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે દેશ સમક્ષ જાહેર માફી માંગવી જોઈએ, તેમજ એજન્સીઓની જવાબદારી પણ નક્કી થવી જોઈએ.